છોકરાંઓના ઉપયોગ શારૂ.

કરાંણીવાળો

ગુજરાતી ભાષાનો નવી લેખણ કળાનો ખરડો.

સુધારેલી ચોથી આવૃત્તિ.

કોટ
પારસીબજાર સ્ટ્રીટ
મુંબાઈ

નિશાળ ________ વર્ગ ________

ભણનાર ________ શિક્ષક ________

શરૂ કર્યો ________ ૧૯____ પુરો કર્યો ________ ૧૯____

(આ ખરડો સને ૧૮૭૭ના ૨૫ માં આક્ટ પ્રમાણે રજીસ્ટર કરેલો છે.)

કિંમત આના બે.

૯૭૪

અ આ ઇ ઈ ઉ ઊ એ ઐ

ઓ ઔ અં અ:

ક ખ ગ ઘ ઙ; ચ છ જ ઝ ઞ;

ટઠડઢણ;તથદધન;

પફબભમ;યરલવ;

શષસહ;ળક્ષજ્ઞ.

કેળવણીનું ફલ મીઠું છે.

મોટાથી બીહતાં રેહેને.

તમારીદયાનતપાખરાખને.

ઈનસાફની રાહે ચાલને.

બંદગીમાં મશગુલ રેહેને.

દુઃખીઓને સહાય થને.

કેળવણીનોફેલાવોકરજો.

સારામાણસોનેમદદઆપજો.

ડાહ્યાંમાણસોનીસલાહલેજો.

જીંદગીએએકમુસાફરીછે.

દરદો મટાડેલાં મટે છે.

કદી ગોસ્સો કરવો નહી.

ઈશ્વર સર્વ ઠેકાણે છે.

તમારાં હસ્તખત સુધારો.

કુમળો વાંસ વાળો તેમ વળે.

સભગનોબંદલોસાહેબઆપે.

ફરજડગેઅદા,પારપાડેબોધ.

ગણીનુંગળજઆભાદરેઈને.

અસલી ઈરાનીઓ ઘણા દેશહિતકારી હતા. તેઓ પોતાના પાદશાહને ઘણું માન આપતા તથા તેને ચાહાતા હતા. તેઓ પોતે પેહેલવાનો તથા સિપાહોમાં ખપવું ઘણું માન ભરેલું સમજતા હતા, તથા પોતાનાં બચ્ચાંને બાળપણથીજ સાચ્ચું બોલતાં, ઘોડે બેસતાં, અને તીર મારતાં શિખવતા હતા. તેઓ સ્ત્રીઓનો મલાજો જાળવતા હતા, તથા તેઓને સારી તરબીયત આપતા હતા. તેઓની સ્ત્રીઓ પણ બહાદૂર તથા હિંમતવાન હતી. તેઓમાં આપણી

મુવાફેક બાળલગ્નનો રેવાજ હતો નહીં; પણ છોકરો તથા છોકરી બન્ને પોતાની ઉમરે પુગી પોતાને મન ગમતું જોડું પસંદ કરતાં હતાં. ઈરાનીઓ હમેશાં સાચ્યું બોલવાને ઘણું ચાહતા હતા. તેઓમાં "નબળાઓને બચાવી લેવાનો ઘણો ઉત્તમ ખવાસ હતો. તેમજ નમનતાઈ, દયા, હિંમત તથા સખાવતના ગુણો એક સરખી રીતે હતા."

(શ્રી. બ. બે. પટેલની ઈરાનની મુખતેસર તવારીખમાંથી.)

ભરતખંડના લોકોની નીતિ અને સંસારી હાલત અને મતો સંબંધી હમણાં જે સુધારો થવા માંડ્યો છે તેનું બી રામમોહનરાયના વખતમાં રોપાયું. એ સુધારાનાં બીથી ઉગી નિકળતાં ઝાડને હમણાં કોમળ ન્હાની ન્હાની ડાળીઓ આવી પાંદડીઓ ફુટવા લાગી છે. માટે તેને જો આપણે પાણી છીપી ઉછેરીયે તો, આગળ જતાં તે ઝાડ મોટું થઈ સર્વ દેશમાં પસરશે, અને જો કદાપિ તેનાં

મધુર ફળ આપણા ચાખવામાં નહીં આવે તો આપણી આવતી પ્રજાનાં ચાખવામાં આવશે.— પણ આજસુધી જે સુધારો થયો છે, તે કંઈજ નથી; કેવળ સુપ્રકાશનો ઉદય માત્ર થયો છે. સુધરેલાંની સંખ્યા ઘણીજ થોડી, અને વળી તેમાં ઘણાંખરાનાં મનમાં પ્રકાશ અને અંધઃકાર, સત્ય અને અસત્ય એ સઘળાંનું ગોંઘળ થઈ ગએલું દેખાય છે.

(રાજા રામમોહનરાયના ચરિત્રમાંથી)

"ઈંગ્લાંડના લોકો, તેઓના દેશમાં જે પારકા શખ્સો જાય છે, તેઓને સારૂં આદરમાન આપેછે; તથા તેઓને ઉપકારી કરવાને હમેશાં આતુર રહેછે. આ વાત જેઓ આજદીન સુધી એ દેશખાતે જઈ આવ્યા છે તેઓ કબુલ કર્યાવિના રેહેશે નહીં. કોઈબી ઠેકાણે કાંઈ હરગરી આવી પડી તો પારકો શખ્સ જાણી આપણી મદદે ઘણાં જણ આવશે. જે કોઈ તમાશો અથવા મેળો જોવા આપ-

ણે ગયા હોઈએ અને ત્યાં ભીડ ઘણી હોય, તો પણ આપણને પા-
રકા શખ્સ જાણી તરત લોકો રસ્તો આપે છે, અને સારી જગ્યા પ-
ણ આપે છે. કારખાનાં તથા બીજાં ઠેકાણાં આપણને દેખાડવા-
માં તેઓ પોતાને માન સમજે છે. અને એ મીસાલે સઘળી તરફ-
થી આપણને આદરમાન સાથે ઉપકારી કર્યામાં આવે છે."

(મી૰ ડો૰ ફ્રામજી કરાકાની ગ્રેટ બ્રિટનની મુસાફરીમાંથી)

ઈશ્વરનાં સર્વ કામોમાં તેની આગાહી બહુ અજબ છે. તેનો
ઉદેશો બહુ બુલંદ છે. તે સૃષ્ટિઉપર અમલ અને હકુમત ચલા-
વવામાં બેહદ ડાહપણ વાપરે છે. આ દુનિયાંનું રાજ્ય સમાધા-
નીથી ચલાવવાને તેણે કાયદાઓ સ્થાપેલા છે, અને નિયમો બાં-
ધેલા છે. તે કાયદાઓ સર્વ પ્રાણીઓમાં અન્યયજ નેવી રીતે જુ-
દી જુદી તરાહમાં મુકેલા છે, અને દરેક જણ કુદરતથી આપો-

આપ તેની મરજીને માન આપી કબુલ કરે છે. તેનાં મગજની ઉંડાઈમાં સર્વ જ્ઞાન અને સર્વ સમજણ સમાયલાં છે. ભવિષ્યનો સર્વ ભેદ તેની આગળ ઉઘાડો છે. તારાં દિલના સર્વ વિચાર અને તારાં મનનો મનસુબો તેની આગળ ખુલ્લો છે, એટલુંજ નહીં; પણ તારાં દિલમાં તું એક ઠરાવ કરે તેની આગમજ તેને તે ખબર પડી ચુકે.

(મી૰ ડો૰ ફ૰ રાંદેલીઆની જીંદગી
ભોગવવાની જુગતી માંથી.)

मुंबईमध्ये खमीरचर छापखानामां छपायुं छे.



કરાંણીવાલો.

ગુજરાતી નવી લેખણ કળાનો ખરડો

લખાવવાની રીત.

એ ખરડામાં દર સફામાં એક જીનું પાનું મુકેલુંછે, તે ઉપર જ્યા સુધી નવા લખનારના ધ્યાનમાં દરેક અક્ષરની વળાણ આવે ત્યાં સુધી ખાલી કલમે ઘુંટાવવું; ત્યાર પછી એજ જીનાં પાના પર સાઈએ લખાવવું એથી બાળકોના ધ્યાનમાં દરેક અક્ષરની વળાણ સરસ રીતે આવી જશે અને એ પછી એજ ખરડા ઉપરથી જોઈને બીજી [illegible]ની જગા પુરુ લખાવવું એ રીતે પેહેલે ઘુંટાવી પછી જીનાં પાના પર લખાવીને પછી બીજી બાળકોને લખતાં ઘણું સરળ પડશે તેમજ અક્ષર પણ ઘણાં સરસ રીતે સુધરશે.